સુવિચાર : અગ્નિમાં ઘી રેડો અને આગની જ્વાળાઓ જેમ તીવ્ર બને તેમ ઇચ્છાઓને ભોગવવાથી તે વધુ ભડકે છે - રત્નસુંદરજી વિજયજી

તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૫ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; ભાદરવા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- યુએસ ઓપન : ફેડરરને હરાવીને નોવાક જોકોવિક ચેમ્પિયન
- સાનિયા-હિન્ગીસની જોડીએ મહિલા ડબલનો તાજ જીત્યો
- દેશમાં છેલ્લા ત્રણ દશકોમાં સૌથી નિરાશાજનક મોનસુન
- સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા ગોળીબાર : ૧ જવાન શહીદ
- મક્કા ક્રેન દુર્ઘટના : મૃતકમાં ૧૧ ભારતીય નાગરિકો પણ
- તમિળનાડુમાં કટોકટી વચ્ચે કલ્યાણ યોજનાની જાહેરાત
- ડોલરની વિરુદ્ધ રૂપિયો મજબુતી સાથે બંધ રહ્યો
- જીડીપી ગ્રોથ રેટ ૭.૫ ટકા કરતા પણ વધુ રહી શકે છે
- આસારામ કેસ : સાક્ષીઓની સુરક્ષાની ખાતરી કરવા સુપ્રીમ કોર્ટ દ્વારા હુકમ

# પોલીસ દમન તપાસ મામલે ૧૦ દિવસની મુદત







(તસવીર : દિપક જાની)

## મોડીરાત સુધી પાટીદારોની મુખ્યમંત્રી સાથે મંત્રણા

**પોલીસ દમન મામલે રજૂ કરાયેલ પાંચ માંગણીઓ ન ઉકેલાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની હાર્દિક પટેલની જાહેરાત : ૧૯મીએ એકતા યાત્રા યોજવાની પણ જાહેરાત કરાઈ હતી : રાજ્યમાં પાંચ જાહેર સભાઓ પણ પાટીદાર આગેવાનો યોજશે : ઈજાગ્રસ્ત પાટીદાર યુવાનોની સારવારનો ખર્ચ સરકાર ઉઠાવશે એવી સત્તાવાર જાહેરાત**

અમદાવાદ, તા.૧૪

ગાંધીનગરમાં સોમવારની સાંજ મંત્રણાઓથી ધમધમી ઉઠી હતી. રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન અને આનુષાંગિક પ્રશ્નોની રજૂઆત માટે પાટીદાર સમાજના અને અનામત આંદોલન સમિતિના અગ્રણીઓથી પાટનગર છલકાયું હતું. મોડીરાત સુધી સતત ત્રણ કલાક મુખ્યમંત્રી સાથેની બેઠકમાં સરકારે પાટીદાર અનામત આંદોલન સમિતિની માંગણીઓના ઉકેલ માટે દસ દિવસનો સમય માગ્યો હતો. જે સમિતિએ ગ્રાહ્ય રાખ્યો હતો અને ૧૯મી તારીખે રિવર્સ દાંડીયાત્રાના બદલે એકતા યાત્રા યોજવાની હાર્દિક પટેલે જાહેરાત કરી હતી. સાથો સાથ રાજ્યમાં પાંચ જાહેર સભાઓ આ સમય દરમિયાન કરવાની જાહેરાત કરાઈ હતી.

હાર્દિક પટેલે સ્પષ્ટ રીતે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારું આંદોલન ચાલુ છે. જો દસ દિવસમાં પોલીસ દમન સંદર્ભે અમારા પ્રશ્નોનું નિરાકરણ લાવશે તો મુળ માંગણી ઉપર અમે ચર્ચા કરવા આવીશું નહિ તો આંદોલનને વધુ ઉગ્ર બનાવીશું.

હાર્દિક પટેલે મુખ્યમંત્રી સાથેની મંત્રણા બાદ જણાવ્યું હતું કે, અમારી પાંચ મુખ્ય માંગણીઓમાંથી એક માંગણી સરકારે હાલ તુરંત સ્વીકારી છે જે એ છે કે, ઈજાગ્રસ્ત પાટીદાર યુવાનોની સારવારનો ખર્ચ સરકાર ઉઠાવે અને જે સરકારે ગ્રાહ્ય રાખ્યું છે.

આ ઉપરાંત પોલીસ દમનના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને તાકિદે સસ્પેન્ડ કરવા જોઈએ. ગોળીબાર કરનાર પોલીસ કર્મચારીઓ - અધિકારીઓ સામે કલમ-૩૦૨ અન્વયે કેસ દાખલ કરવો જોઈએ. લાઠીચાર્જ અને ગોળીબારનો હુકમ આપનારના નામ જાહેર કરવા જોઈએ તથા ઈજાગ્રસ્ત પાટીદારો યુવાનો માટે ખોટા પ્રમાણપત્રો આપનાર તબીબો સામે કડક પગલા લેવાવા જોઈએ.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે મંત્રણાને સકારાત્મક દિશાનું પ્રથમ પગથિયું ગણાવ્યું હતું. આગામી દિવસોમાં બીજા તબક્કાઓની મંત્રણામાં ઘણા બધા પ્રશ્નોનું નિરાકરણ આવશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સરકાર દ્વારા તૈયાર કરાયેલ પેકેજ અંગે પણ ખુલ્લા મને કરી હતી.

પાટીદારોને અનામત આપવાના મુદ્દા ઉપર આંદોલન ચલાવી રહેલાં પાટીદાર નેતાઓએ આજે પાટનગર ગાંધીનગરમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે અતિમહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં હાર્દિક પટેલ સહિતના ટોપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જોકે, હાર્દિક પટેલે બેઠક પહેલાં જ તમામ ૧૪૪ સભ્યોને બોલાવવાની રજુઆત કરી હતી. અંતે રસ્તો નિકળ્યો હતો અને આનંદીબેનના નિવાસ સ્થાને બેઠકનો દોર શરૂ થયો હતો. કલાકો સુધી આ બેઠકનો દોર ચાલ્યો હતો જેમાં સમાધાનની ફોર્મ્યુલાના મુદ્દા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠક પહેલાં હાર્દિક પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, આનંદીબેન પટેલ બંગલાની બહાર આવે અને ૧૪૪ કન્વીનરોને મળશે તો જ બેઠક થશે નહી તો અમે અહીંથી પાછા ફરીશું. મુખ્યમંત્રીના નિવાસ્થાનની બહારના ગાર્ડનમાં મળીશું. એટલુ જ નહીં, મુખ્યમંત્રી આનંદીબેનને બહાર આવીને મળવા માટે હાર્દિક પટેલે ૬:૩૦ વાગ્યા સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું.

પરંતુ બાદમાં આઈબી, આઈજી એન ડી સોલંકીની સમજાવટ બાદ હાર્દિક પટેલ અને આનંદીબેન વચ્ચેની બેઠક નિશ્ચિત થઈ હતી અને બેઠક શરૂ થઈ હતી. આજે દિવસ દરમિયાન બેઠકોનો દોર રહ્યો હતો. સવારમાં હાર્દિક પટેલે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે પણ વાતચીત કરી હતી.

# હાર્દિક પટેલ સહિત નેતાઓ કેશુભાઈ પટેલની મુલાકાતે

**કેશુભાઈ પટેલના આશીર્વાદ લેવામાં આવ્યા : કયા મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવી તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ : સમાધાનના મુદ્દા પર વાતચીત**



(તસવીર : દિપક જાની)

અમદાવાદ, તા.૧૪

પાટીદાર અનામત આંદોલનને આગળ વધારી રહેલાં આગેવાનોએ આજે ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે વાતચીત કરી હતી. કેશુભાઈ પટેલની એકાએક આંદોલનના મામલામાં એન્ટ્રી થતાં રાજકીય ચર્ચાઓનો દોર શરૂ થયો છે. કેશુભાઈ પટેલના આવાસ ઉપર પાટીદાર નેતાઓ હાર્દિક પટેલ અને અન્યોની શું વાતચીત થઈ તે અંગે હજુ સુધી કોઈ પાક્કી માહિતી મળી નથી. પરંતુ આંદોલનના મુદ્દા પર ચર્ચા થઈ હોવાની વાત જાણવા મળે છે. આજે સવારે પાટીદાર આગેવાનો કેશુભાઈ પટેલના બંગલે ગયા હતાં અને તેમના આશીવાદ લીધા હતા. પાટીદારો અને કેશુભાઈ વચ્ચેની આ વળાંકની આ મંત્રણા સંદર્ભે અનેક બુધ્ધિજીવિઓ માથુ ખંજવાળી રહ્યા છે. આજે જ્યારે પાટીદાર અનામત આંદોલન એક નવા વળાંક ઉપર આવીને ઉભું છે. ત્યારે પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાનો આજે જ શા માટે કેશુભાઈના આશીર્વાદ લેવા માટે ગયા તેવો સવાલ પુછાઈ રહ્યો છે. સાથોસાથ આ આગેવાનોને કેશુભાઈ પટેલનું સમર્થન છે કે કેમ તે અંગે પણ પૃચ્છા થઈ રહી છે.

કેટલાક આગેવાનો એવું પણ કહી રહ્યા છે કે એક સમય એવો હતો કે જ્યારે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કેશુભાઈ પટેલનો ષડયો બોલ ઝીલાતો હતો અને આ નેતા સૌરાષ્ટ્રના પાટીદાર નેતા ગણાતા હતા. આજે પણ કેશુભાઈ પટેલ પાટીદારોમાં વજનદાર નેતા તરીકે માન ધરાવે છે ત્યારે દિલ્હી અને સંઘ પણ કેશુભાઈ મધ્યસ્થી કરે તેવું ઈચ્છી રહ્યા હતા અને તે સંદર્ભે આજે પાટીદારો કેશુભાઈને મળવા ગયા હોય તેવી ચર્ચા થઈ રહી છે. કેટલાક સૂત્રોના જણાવ્યા અનુસાર કેશુભાઈ પોતે સરકારને પણ કોઈ મુશ્કેલી ન પડે સાથોસાથ આંદોલન કરતાં પાટીદારોને પણ ચોક્કસ માર્ગદર્શન આપે તે માટે પ્રયત્નશીલ છે અને તેની આજે તેમણે પાટીદારો સાથે ચર્ચા કરી હતી.

# પંચાયતની ચૂંટણીઓ માટે જિલ્લામાં ૭૯૫ મતદાન મથકો

**સૌથી વધુ ગાંધીનગરમાં ૨૭૧, સૌથી ઓછા માણસામાં ૧૬૫ મતદાન મથકો : રાજકીય આગેવાનો સાથે પરામર્શ બેઠકમાં મતદાન મથકોની દરખાસ્તને આખરી ઓપ અપાયો**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે તંત્રએ ૭૯૫ મતદાન મથકોની દરખાસ્ત તૈયાર કરી અને રાજ્ય ચૂંટણી પંચને મંજૂરી માટે મોકલી આપેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આવી રહેલી ચૂંટણીઓ અંગે મતદાન મથકો નિયત કરવા અને તેને માટેની દરખાસ્તને આખરી ઓપ આપતાં પૂર્વે આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જિલ્લાના રાજકીય પક્ષોના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી હતી.

૧૩ જેટલા મતદાન મથકો નવા ઉભા કરવાની રજુઆતનો આ બેઠકમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં સાત મતદાન મથકો ગાંધીનગર તાલુકામાં, કલોલમાં ૪ અને દહેગામના ૨ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં જે ૭૯૫ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે તેમાં એક મતદાન મથક પર ૧૨૦૦ જેટલા મતદારો રાખવામાં આવશે.

૭૯૫ મતદાન મથકો પૈકી ૨૭ મતદાન મથકો માણસામાં જાહેર ટ્રસ્ટની મિલ્કતમાં છે જ્યારે બાકીના બધા જ મતદાન મથકો સરકારી મકાનોમાં નિયત કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ચૂંટણી માટે જિલ્લામાં ૬.૯૨ લાખ મતદારો મતદાન કરશે.

જિલ્લામાં જે ૭૯૫ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે તેમાં સૌથી વધુ મતદાન મથકો ગાંધીનગર તાલુકામાં ૨૭૧ છે. જ્યારે સૌથી ઓછા મતદાન મથકો માણસા તાલુકામાં ૧૬૫ છે. કલોલમાં ૧૬૮ મતદાન મથકો, દહેગામમાં ૧૯૧ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં પંચાયતની ચૂંટણી માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ આજે મતદાન મથકોની મંજૂરી માટેની દરખાસ્ત પણ પંચને મોકલી આપવામાં આવી છે. હવે ૨૧મીએ મતદારયાદીની પ્રસિદ્ધિ થશે અને ત્યારબાદ ગમે ત્યારે ચૂંટણીઓ જાહેર થશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ તંત્ર દ્વારા પણ આ અંગેની જરૂરી તૈયારીઓ જે પ્રાથમિક કવાયત છે જેમાં ચૂંટણી અધિકારીઓ નિયુક્તી, ચૂંટણીની ફરજ માટે કર્મચારીઓની નિયુક્તી તેમજ તેમની તાલિમ સહિતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

# જિલ્લામાં ૨૨ હજાર હેક્ટર જમીન પડતર રહેશે

**પહેલીવાર ખરીફ સિઝનમાં આટલી મોટી જમીન ખેતી વિના પડતર રહેવાથી અર્થતંત્ર માટે પડકાર**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ખરીફ સિઝન દરમ્યાન ૨૦ હજાર હેક્ટરથી પણ વધુ જમીન ખેડ થયા વિનાની પડતર રહેવાનો અનોખો વિક્રમ આ વર્ષે નોંધાશે.

જિલ્લામાં સામાન્યતઃ ૫ હજારથી ૭ હજાર હેક્ટર વિસ્તાર ખેતી વિના પડતર અત્યાર સુધી રહેતો હતો. આ વખતે વરસાદ ખેંચાતાં પડતર રહેનારી જમીન ૨૦ હજાર હેક્ટરથી પણ વધે તેવા સંકેતો જિલ્લાના કૃષિ નિષ્ણાતો પાસેથી મળી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે વરસાદી પેટર્નમાં નોંધાયેલા બદલાવને જે રીતે વરસાદ ખેંચાયો છે તેને પગલે જિલ્લાના કૃષિ જગતમાં અનેકવિધ પ્રશ્નો ઉભા થયા છે. આ વખતે દિવેલાનું વાવેતર વધ્યુ છે તો કપાસનું વાવેતર ઘટ્યું છે. બીજી તરફ ઘાસચારાના પાકોનું વાવેતર કપાસ કરતાં વધુ નોંધાયું છે.

સામાન્યતઃ જિલ્લામાં વરસાદના દિવસો ૩૦થી ૩૫ રહેતા હોય છે જેની સામે આ વખતે વરસાદના દિવસો ઘટ્યા છે એટલુ જ નહિ પણ ઓછા દિવસોમાં એક સાથે વરસાદ થતાં ખેતી માટે પ્રશ્નો ઉભા થયા છે.

આ વખતે જિલ્લામાં હજુ પણ પાછોતરો વરસાદ આવશે તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે. ૩૦મી સપ્ટેમ્બર સુધી ખરીફની વાવણી થતી હોય છે. પરંતુ જે રીતે વરસાદ ખેંચાયો છે તે જોતાં આ વખતે જિલ્લામાં પહેલીવાર ખેડાણ થયા વિનાની જમીન ૨૦ હજાર હેક્ટર કરતાં વધશે.

હવે, જો પાછોતરો વરસાદ થશે તો પણ ઘાસચારાના પાકનું વાવેતર વધી શકે તેવી શક્યતાના નિર્દેશ કૃષિ નિષ્ણાતો વ્યક્ત કરે છે. જિલ્લામાં પશુપાલન એ મહત્વનું પાસુ છે અને અર્થતંત્રમાં તેનું ખાસુ ભારે યોગદાન છે. બીજી તરફ પહેલીવાર જે પાક આયોજન તંત્ર દ્વારા થયુ છે તેમાં પહેલીવાર આટલી બધી જમીન પડતર રેશે તે પણ એક વિક્રમ બનશે.

જિલ્લામાં જે વાવેતર થયુ છે તેના માટે અત્યારે તો પાણી મેળવવાની કામગીરીમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે અને હવે લગભગ વાવણીકાર્ય સ્થગિત થઈ ગયું છે. જિલ્લામાં હાલ વરસાદની ખેંચ વધી રહી છે અને પાણીના પ્રશ્નો આગામી દિવસોમાં વધુ તીવ્ર બને તેવી સંભાવના છે.

ઘ-૩ સર્કલ ૨ વર્ષ બાદ ફરી ગાંધીનગરના આંગણે
ARAVALLI Art & Craft Festival - 2015
18-9-15 to 4-10-15
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
સ્ટોલ બુકીંગ માટે સંપર્ક : ૮૦૦૦૦૩૪૭૩૩, ૯૪૧૩૬૪૦૦૩૮
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-૩ સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર

બિ.ક્લાર્ક/રે.તલાટી
નવી બેચ શરૂ
તા ૧૪-૯-૧૫ સોમવારથી
સવારે :- ૧૦.૦૦ કલાકે
ફ્રી ડેમો લેક્ચર
GPSC મેઈન્સની નવી બેચ શરૂ
શિલ્પ CAREER ACADEMY
Axis Bank ઉપર સે.૧૬, ગાંધીનગર
9426944899
9638642964

ગાંધીનગરમાં ધુમ મચાવે છે.
રશીયન + આફ્રિકન અને મંગોલીયન કલાકારોના કાફલા સાથે
દરરોજ ૩ ખેલ 3-6-9
ગોલ્ડન સર્કસ
ટીકીટ દર. ₹. 60/-, 120/-, 200/-
એડ. બુકીંગ. ₹. 200/-નું સવારે 9 થી 7 સાંજે
M: 8347499769 7041428420
સ્થળ: નવરાત્રી મેદાન, સેક્ટર 6, બસ ડેપો પાસે.

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર